જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૯/૨૦૧૮ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-    સમાચાર યાદી નં.૧૮૫૪/૧૮

મેઘાણીનગર પોલીસ સ્ટેશન :

## ધાડના આરોપીઓની પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

મેઘાણીનગર પો.સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૧૧/૧૮ ધી ઇપીકો કલમ ૩૯૫, ૩૯૭, ૩૩૭, ૧૪૩, ૧૪૪, ૧૪૯, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના કામના ફરીયાદી સમીરઅખ્તર અમીરઉદ્દીન શેખ ઉવ.૧૯ રહે.જાહાંગીર વકિલ મીલની ચાલી, દરીયાખાન ઘુંમટ પોલીસ કમિશ્નર કચેરીની પાછળ અમદાવાદ શહેર નાઓની ફરિયાદના કામે આરોપીઓએ તા.૭.૯.૧૮ કલાક ૨૧.૦૦ વાગ્યાના સુમારે ચમનપુરા પટણીનગર સામે આવેલ અને પટણીનગરના રહીશો ઉપરોક્ત આરોપીઓને લુખ્ખી દાદાગીરી ચલાવી લેતા ન હોય તે બાબતે આરોપી અખીલેશ ઉર્ફે બંટી સદારામ પાંડે નાએ તલવાર લઇ આવી તેમજ બાકીના આરોપીઓ હાથમાં ધોકા લઇ આવી પટણીનગરના રહીશો સાથે ઝઘડો કરી તેમજ આ કામના ફરીયાદીને તારી ચીકન દાનાની લારી કેમ હજી સુધી ચાલુ રાખેલ છે તેમ કહી તેમની સાથે ઝઘડો તકરાર કરી ગંદીગાળો બોલી ફેટાનો માર મારી તેમજ તલવાર મારવાની કોષિશ કરી ફરી ખસી જતા તેની લારી ઉંધી વાળી દઇ તેના ગલ્લામાં મુકેલ વેપારના નાંણા રૂ.3000/- ની લુંટ કરી ફરી તથા પટણીનગરના રહીશો ઉપર છુટો પથ્થર મારો કરી ફરીને જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરેલ હોય જે ગુનાના કામે આરોપીઓ (૧) કિશન હીરાલાલ જાતે કશ્યપ ઉવ.૨૨ રહે.મ.નં.૧૩, ફકીરા ટેકના દેવીપુજક ફલેટ, ચમનપુરા સર્કલ પાસે, ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેરત તથા (૨) ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધમુ જશવંતસિંહ જાતે ભદૌરીયા ઉવ.૨૯ રહે.નવી ચાલી, પટણીનગર પાસે, ચમનપુરા, મેઘાણીનગર અમદાવાદ શહેર તથા ન.(3) અખીલેષ ઉર્ફે બંટી સદારામ જાતે પાંડે ઉવ.૨૮ રહે.ગોકુલચંદ કદતુરચંદની નવી ચાલી ચમનપુર મેઘાણીનગર અમદાવાદ શહેર નાઓને મેઘાણીનગર પોલીસે પોતાના બાતમીદારો થી બાતમી મેળવી આ કામના રીઢા આરોપીઓને પકડી પાડી સારી અને પ્રસંશનીય કામગીરી કરેલ છે.તા.૨૨.૦૯.૨૦૧૮

## ગોમતીપુર પોલીસ સ્ટેશન :

**સટ્ટા બેટીંગ જુગારના રોકડા નાણા રૂ.૧૨,૩૭૦/- તથા મોબાઈલ નંગ-૦૧ તથા જુગારના સાધનો મળી કુલ્લે રૂ.૧૨,૬૭૦/- ના મુદ્દામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી ગોમતીપુર પોલીસ**

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૨, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૫, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, "એચ" ડીવીઝન, અમદાવાદ શહેર નાઓ તરફથી મળતી સુચનાઓ જેમાં દારૂ-જુગારની પ્રવૃત્તિ નસ્તે નાબુદ કરવા સારુ મળેલ સુચના આધારે

આજરોજ સર્વેલંન્સ સ્કોડના પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી એન.પી.રાઠોડ સાહેબ તથા સર્વેલંન્સ સ્કોડના માણસો સાથે ગોમતીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન કીશનભાઈ સ/ઓ માયારામભાઈ કુડીયા ઉ.વ.૫૨ રહે.મ.નં.૧૬૮/૪૪૦ ચોકસીની ચાલી રખીયાલ રોડ ગોમતીપુર અમદાવાદ શહેર નાને સટ્ટા બેટીંગ જુગારના રોકડા નાણા રૂ.૧૨,૩૭૦/- તથા મોબાઈલ ફોન મળી કુલ્લે રૂ.૧૨,૬૭૦/- સાથે એક આરોપીને ઝડપી પાડી આરોપી વિરૂધ્ધ ધી જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ કાયદેસરની કાર્યવાહી કરી ગોમતીપુર પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૩૫૭/૨૦૧૮ મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

## શહેરકોટડા પોલીસ સ્ટેશન :

**વ્હિકલ ચોર ઇસમને પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ**

વિશેષ સંયુક્ત પોલીસ કમિ.શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ આર.એફ.સંગાડા સાહેબ તથા એ.સી.પી. શ્રી બળદેવ દેસાઈ સાહેબ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીની. પોલીસ ઈન્સ્પેક્ટર.શ્રી એસ.એમ.ચૌધરી સાહેબના માર્ગદર્શન હેઠળ વ્હિકલ ચોરીના ગુનાઓ બનતા અટકાવવા તથા ગુનાઓ શોધી કાઢવા સારૂ આજરોજ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. એસ.એસ.પરમાર સાહેબ તથા સર્વે સ્કોર્ડના સ્ટાફના માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન સર્વે.સ્કોર્ડના હેડ.કોન્સ બાબુભાઇ મોહનભાઇ બ.ન.-૭૫૩૧ તથા પો.કો. કનકસિંહ નટવરસિંહ બ.નં ૩૩૮૧ નાઓની સયુંક્ત બાતમી હકીકત આધારે રામલાલની ચાલીના નાકા આગળ વોચ ગોઠવી આરોપી કલ્યાણસિંગ ગમેરસિંગ રાઠોડ ઉ.વ.૨૨ ધંધો- નોકરી રહે. ગૌરવ સોસાયટી નિકોલ રોડ સિંગરવા અમદાવાદ શહેર મુળ વતન- ગામ- સલાડા તા-સરાડા જી-ઉદેપુર રાજસ્થાન નાને એક ચોરીની ટી.વી.એસ જ્યુપિટર સ્કુટર જેનો RTO નં- GJ-01 BD-4749 એન્જિન નંબર BG4CF1477248 તથા ચેચીસ નં MD626BG45F1C87250 નો છે.જેની કિ.રૂ.30,000/- ગણી શકાય. જેની સાથે પકડી તા.૨૨/૦૯/૧૮ ના કલાક-૧૯/30 વાગ્યે સીઆરપીસી કલમ ૪૧(૧)(ડી) મુજબ અટક કરી અમદાવાદ શહેર બાપુનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં- ૨૦૪/૧૭ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ ચોરીનો ગુનો શોધી કાઢવામાં આવેલ અને આગળની વધુ તપાસ અર્થે આરોપી તથા મુદ્દામાલ બાપુનગર પોલીસ સ્ટેશન સોપવા તજવીજ કરવામા આવેલ છે.તા.૨૨/૦૯/૧૮.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.